R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 21•ISSUE: 18 DATE: 06-05-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## કેન્દ્ર અને રાજ્યની પ્રાથમિકતા શાંતિ સ્થાપવાની છે : કાશ્મીરવાસીઓને મળીને સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે ભાજપા પ્રમુખ અમિત શાહની સલાહ

કાશ્મીરમાં ૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટી અને પીડીપીની મિશ્ર સરકાર રચાઈ હતી.સરકાર રચાયા બાદ સહુ પ્રથમ વાર ભાજપા પ્રમુખ કાશ્મીરની મુલાકાતે ગયા હતા.તેમણે ભાજપાના પ્રધાનો સાથે મુલાકાતો કરી હતી.તેમણે તેમણે તેમને સલાહ આપી હતી કે તેઓ કાશ્મીરના લોકો સાથે મળીને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવે.ભાજપના પ્રધાનોને સમજાવ્યુ હતું કે તેઓ કાશ્મીર ઘાટીમાં તમામ સ્થળે ફરીને લોકોની સમસ્યાઓ ઉકેલવાની છે. પાર્ટીનો પાયો મજબુત બનાવવા માટે તેમણે પ્રધાનોને આદેશ આપ્યો હતો

કાશ્મીરના રાજ્યપાલ એન.એન. વહોરા લોકસભાની પેટા ચુંટણી વખતે થયેલી હિંસાને કારણે કાશ્મીર ખીણમાં સર્જાયેલ સ્થિતિની માહીતી આપવા દિલ્હી ગયા છે. ત્યારે અમિત શાહનો કાશ્મીર પ્રવાસ સુચક મનાય છે.રાજપાલ કેન્દ્રીય ગૃહમંત્રીને મળીને રાજ્યની સ્થિતિથી માહીતગાર કરશે. જમ્મુના નૌશેરાથી ચુંટાયેલા ભાજપના ધારાસભ્ય રવિન્દર રૈનાના જણાવ્યા મુજબ શાહે તમામ પ્રધાનોને ફક્ત તેમના મતવિસ્તારમાં જ નહીં પરંતુ કાશ્મીરના અંતરિયાળ વિસ્તારમાં જઈને લોકોની સમસ્યા જાણવા કહ્યુ હતું.

## ગુજરાતના ૫૮માં સ્થાપના દિને રાજ્યમાં ભારે દબદબાપુર્વક ઉજવણી

ગુજરાત રાજ્યના સ્થાપના દિને પુરા ગુજરાતમાં સરકારે દબદબા પુર્વક સ્થાપના દિનની ઉજવણી કરી હતી.ગુજરાતના ૫૮ વર્ષના ઈતિહાસમાં ગુજરાતે ભારે વિકાસ કર્યો છે તેની ઝાંખી નાગરિકોને થઈ રહી છે. અને સરકાર વિવિધ ક્ષેતેર વિકાસ માટે પોતાના નિર્ણયો કરી રહી છે.પરિવર્તનો ઝડપી આવ્યા છે.અન્યો રાજ્યો કરતાં આગળ છીએય

## વ્હાઇટ હાઉસ ખાતે પ્રેસ ડિનરમાં અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નહી લઇને પ્રેસ મીડીયા સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો

વ્હાઈટ હાઉસ ખાતે પરંપરાગત રીતે પ્રેસ ભોજન સમારંભનું આયોજન થાય છે.જેમાં બ્લેક ટાઈ ડિનરમાં ટોચના પત્રકારો હાજર રહે છે. પરંતુ આ પત્રકારો માટે યોજાયેલા ભોજન સમારંભમાં પ્રમુખ ટ્રમ્પ ગેરહાજર રહ્યા હતા.તેઓ પેન્સલ્વેનિયા ખાતે આયોજિત રેલીમાં હાજર રહ્યા હતા. ત્યાં તેમણે મીડીયાની ભારે આલોચના કરતાં ન્યુયોર્ક ટાઈમ્સ, સીએનએન અને એનસીબીનો નામજોગ ઉલ્લેખ કરીને તેમનાથી ૧૦૦ માઈલ દુર રહેવાથી પોતાને કદાચ વધુ રોમાંચ મળે છે તેવી અભિવ્યક્તિ વ્યક્ત કરી હતી.

૩૬ વર્ષમાં પહેલીવાર બન્યુ છે કે પ્રેસ ડિનરમાં પ્રમુખ હાજર રહ્યા ના હોય.પુર્વ પ્રમુખ રોનાલ્ડ રીગન ૩૬ વર્ષ પહેલા આ રીતે પ્રેસ ડિનરથી દુર રહ્યા હતા.પ્રમુખ પદે ટ્રમ્પે ૧૦૦ દિવસ પુરા કર્યાના ઉપલક્ષ્યમાં યોજાયેલા પ્રેસ ભોજ સમારંભમાં ભાગ લેવાને બદલે તેઓ એક રેલીને સંબોધવા માટે પેન્સીલ્વેનિયામાં પહોચ્યા હતા.

પ્રમુખ ટ્રમ્પને અનુસરતા વહીવટીતંત્રના ટોચના અધિકારીઓ પર પ્રેસ ડિનરથી અળગા રહ્યા હતા.ટ્રમ્પ પ્રેસથી નારાજ છે.અને તેના વિષે ખોટા અહેવાલો મીડીયાએ છાપ્યા છે તે બદલ તેઓ નારાજ છે.આ ભોજન સમારંભમાં જાણીતા પત્રકારો જેમણે વોટરગેટ કૌભાંડ બહાર પાડયુ હતું તેઓ હાજર રહ્યા હતા

વ્હાઈટ હાઉસ કોરસપોન્ડસ એસો.ના પ્રમુખ જેફ મેસોને પ્રેચની સ્વતંત્રતાની તરફદારી કરતાં કહ્યુ હતું કે આ વખતના પ્રેસ ડિનરમાં નવાજ પ્રકારની અનુભુતિઓનો અહેસાસ થયો. મીડીયાની અવગણના લોકશાહી માટે ખતરારુપ છે.રોઈટરના સંવાદદાતાએ તો ત્યા સુધી કહ્યુ હતું કે અમે ખોટા સમાચારો આપનારા નથી.અમે નિષ્ફળ રહેલું સમાચાર તંત્ર નથી અને અમે અમેરિકન પ્રજાના શત્રુ પણ નથી.

ભોજન સમારંભમાં પ્રમુખની ગેરહાજરી બાબતે વિવિધ પ્રતિક્રીયાઓ આવી હતી.ભારતીય મુળના અમેરિકી હાસ્યકલાકાર હસન મિન્હાજે ટ્રમ્પની ગેરહાજરીની મજાક ઉડાવી હતી.મિન્હાજ મુળ અલીગઢનો છે.તેણે કહ્યુ હતું કે આવી આઝાદી માત્ર અમેરિકામાં જ છે.કેમકે અમેરિકી બંધારણ અભિવ્યક્તિની આઝાદી માટે પ્રતિબધ્ધ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## મહારાષ્ટ્રના સરકારી વકીલ ઉજ્જવલ નિકમે આતંકવાદની વૈશ્વિક વ્યાખ્યા બનાવવા પોતાનો મત વ્યક્ત કર્યો

ભારતીય પુરાવા અધિનયમ અને ક્રિમિનલ ટ્રાયલ અંગે યુનીવરસીટીના કન્વેનશન હોલમાં યોજાયેલા સેમિનારમાં મહારાષ્ટ્ર સરકારના સરકારી વકીલ અને પધ્મશ્રી ઉજ્જવલ નિકમે જણાવ્યુ હતું કે મુંબઈ ૨૬-૧૧ ના હુમલામાં ઝડપાયેલ અજમલ કસાબ આતંકવાદી હોવાનું તથા પાકિસ્તામાં ટ્રેનિગ લીધાનું સાબિત થયુ તેના પરથી પુરવાર થાય છે કે પાકિસ્તાન આતંકવાદીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. એટલું જ નહી આજે વિશ્વના દરેક દેશોમાં આતંકવાદની વ્યાખ્યા માટે એક વૈશ્વિક વ્યાખ્યા બનવી જોઈએ. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે એડવોકેટ બિલમાં સુધારો થવો જોઈએ. પરંતુ હાલમાં જે બિલ રજુ થયું છે તે ખરેખર ખોટું છે.

સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુની.કન્વેન્શન હોલમાં ગુજરાત હાઈકોર્ટના જજ આર.એમ.છાયાની અધ્યક્ષતામાં લિગલ સેમિનારનું આયોજન કરાયું હતું.આ સેમિનારમાં પણ મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા.આ સેમિનારમાં મુંબઈ ૨૬-૧૧ ના આતંકી હુમલામાં સરકારના પક્ષે વકીલ ઉજ્જવલ નિગમે પુરાવાના કાયદાના પરિપેક્ષ્યમાં માહિતી આપી હતી.તેમણે ૨૬-૧૧ના હુમલા કેસમાં કેટલા સાક્ષીઓની જુબાની લેવાઈ,કેવી રીતે ટ્રાયલ ચાલી અને સાત મહિનામાં કેસનો કેવી રીતે નિકાલ થયો તે વિશે ચર્ચા કરી હતી.આ દરમિયાન તેમણે કહ્યું હતું કે મુંબઈ હુમલા બાદ જીવીત રીતે ઝડપાયેલા અજમલ કસાબનો કેસ પુરવાર થયો અને તેણે પાકિસ્તાનમાં ટ્રેનિગ લીધી હોવાનું સાબિત થયું તેના પરથી કહી શકાય કે પાકિસ્તાન આતંકવાદીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે.પરતું હવે આતંવાદ માટે એક યુનિવર્સલ વ્યાખ્યા બનવી જોઈએ.

## પાકિસ્તાન કાશ્મીરીઓના સંઘર્ષને સમર્થન આપતો રહેશે : જનરલ બાજવા

જમ્મુ કાશ્મીરમાં ચાલી રહેલી હિંસા અને આતંકવાદની ગતિવિધિઓ ચાલુ જ રહેશે તેવો મત પાકિસ્તાન લશ્કરી વડા જનરલ બાજવાએ વ્યક્ત કર્યો હતો.પાકિસ્તાની સેના પ્રમુખે આ સ્થિતિને વધારે ભડકાવવા એલઓસીની મુલાકાત દરમિયાન ભારત વિરુધ્ધ ઝેર ઓક્યું હતું. જનરલ કમર જાવેદ બાજવાએ કહ્યુ કે કાશ્મીરીઓ દ્વારા તેમના અધિકારો માટે જે સંઘર્ષ કરવામાં આવી રહ્યો છે તેને સતત પાકિસ્તાન તરફથી ટેકો મળતો રહેશે.આ રાજકીય સમર્થન અટકશે નહીં.હાજી પીર સેકટરની મુલાકાત દરમિયાન પાકિસ્તાની સેના પ્રમુખે આ વિસ્તારમાં ભારતીય જવાનો દ્વારા યુધ્ધ વિરામનો ભંગ કરવામાં આવે છે તે ઉપરાંત યુધ્ધ જેવી સ્થિતિમાં પાકિસ્તાની જવાબી હુમલા માટે સજ્જ હોવાની માહીતિ પણ આપી હતી.

## કર્ણાટકમાં આતરિક ક્લેષ ઠારવા ભાજપે ચાર ઓફિસ બેરરને સસ્પેન્ડ કર્યો

ભારતીય જનતા પાર્ટીએ કર્ણાટકમાં બીએસ યેદીયુરપ્પા અને સિનિયર નેતા એસ.ઈશ્વરપ્પા જુથની નજીક મનાતા નેતાઓને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા.કર્ણાટકમાં આગામી વર્ષમાં વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે.તેને પગલે કેન્દ્રીય નેતાગીરીએ પરસ્પરની લડાઈ બંધ કરવા માટે અને પક્ષમાં ફેલાયેલ અશાંતિ ઠારવા માટે ભાજપના મહાસચિવ પી.મુરલીધર સહિત અન્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.બેઉ પક્ષોને વાતચીત દ્વારા સુલેહ માટે આપવાનો સમય પુરોથતાં આપગલું ભરવામાં આવ્યુ હતુ.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની સમસ્યાઓનો વધારો થતો જાય છે.કેશલેસ ઇકોનોમીના ખ્વાબમાં ચલણમાંથી રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો રદ કરવામાં આવી. હજુ સુધી તેનો માર પડ્યો છે તેની કળ વળી નથી. વેપાર ધંધામાં મંદીની અસરો દેખાઇ રહી છે.સરકારી આંકડાઓ અને મોટા મોટા પ્રચારના પોસ્ટરો કરતાં કંઇક જુદુ ચીત્ર છે તેવું લાગે છે.

પાકિસ્તાન સાથે મૈત્રીનો હાથ ફેલાવવા મહેમાન બની આવેલા વડાપ્રધાનનો દાવ નિષ્ફળ ગયો છે.ચુંટણી ટાણે બહુ ગાજેલા વચનો મુજબ હજુ ૫૬ની છાતી દેખાઇ આવતી નથી. સરહદો પર આપણા જવાનોની નિર્દય હત્યાઓ થઇ રહી છે.પાકિસ્તાન સામે આંગળી ચિંધાઇ રહી છે.એકના બદલે દસ માંથા કાપી લાવવાની બડાશો પુરવાર થઇ છે.નકસલીઓ ધોળે દહાડે કેટલાય જવાનોને પતાવી ગયા.માત્ર શહીદોને ભારે શ્રધ્ધાંજલી આપવા સિવાય શું થયું તે જાણવા પ્રજા આતુર છે.

અથવા તો એવો પણ નિકર્ષ નિકળે કે મીડીયા દ્વારા પાડોશીઓને ખુબ વગોવી ચગાવીને તેમની વિરુધ્ધ લોકમત ઉભો કરવો જેમ યુપીએ સરકાર સામે કરવામાં આવ્યો અને તેમાં એનડીએની ચાલ સફળ નિવડી.પરંતુ દેશમાં હવે જે કદમાં મોંઘવારી અને અન્ય ચીજોના ભાવો ચડતા ગયા છે તે બતાવે છે કે માત્ર પોકળ વચનો સિવાયની કોઇ બાબત બની રહી નથી.

માંસ,દારુ,ધર્મપરિવર્તન,ઘરવાપસી કે મંદિરના મુદ્દાઓ પર માત્ર રાજરમત રમવાની કુશળતા કેળવી છે અને વિકાસનો પોકળ પ્રચાર કરીને લોકોને અફીણ પીવડાવવાનો દાવ ક્યાં સુધી ચાલશે તે નક્કી નથી. નિકાસનું પલ્લુ ઉંચુ જતું ગયું છે.અને આયાતનો ભાર વધી પડ્યો છે. જીડીપીનો દર વધ્યો નથી. માત્ર સરકાર આંકડાની રમત રમવામાં માને છે ખરેખર હકીકત જુદી જ છે.

વિદેશ નીતિમાં ચારે બાજુ સબંધો જળવાયા નથી.માત્ર ખેરાત કરી છે જે ઉગી નથી. નેપાળ ચીનના ગલિયારામાં સરકી ગયું છે.હિદુ રાષ્ટ્ર ફરીથી ઘોષિત થાય તેવી મનસા પુરી થઇ નથી.ઉલટાનું તેમ કરવાથી વર્ષો જુના સબંધો નીચી કક્ષાએ પહોચી ગયા છે જેમાં હવે ફરીથી સબંધો બનાવવા વર્ષો લાગી શકે છે.કાશ્મીર સમસ્યા એટલી હદે વકરાવી દેવામાં આવી કે ત્યાં હવે પરિસ્થિતિ કાબુ બહાર જતી રહી છે.દિવસે દિવસે ભારતની તરફેણનો મત વિરુધ્ધમાં જઇ રહ્યો છે તેનું કારણ જગજાહેર છે કે નીતિઓ નિષ્ફળ ગઇ છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ટ્રિપલ તલાકનો દુરપયોગ કરનારાઓનો બહિષ્કાર કરવામાં આવશે : મુસ્લિમ લો બોર્ડ ઓફ કન્ડક્ટ જાહેર કરશે

ઓલ ઇન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડે કહ્યુ હતું કે ટ્રિપલ તલાકનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવશે તો તેમ કરનારાઓનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે.ઓલ ઇન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડની બે દિવસીય બેઠક દરમિયાન મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલીએ આ માહીતી આપી હતી. બેઠકમાં રામજન્મભુમિના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે ટ્રિપલ તલાકના મુદ્દે સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયમુર્તિઓની બનેલી બેન્ચ સુનાવણી કરી રહી છે.મુસ્લીમ પર્સનલ લો બોર્ડે જણાવ્યુ હતું કે ટ્રિપલ તલાકને મુદ્દે મોટી ગેરસમજો પ્રવર્તી રહી છે.આ મુદ્દે બોર્ડ કોડ ઓફ કન્ડન્ટ જાહેર કરશે.

મૌલાના વલીમ રહમાનીએ કહ્યુ હતું કે પર્સનલ લો બોર્ડનું માનવું છે કે ટ્રિપલ તલાક મહિલાને મુશ્કેલીઓથી બચાવવા માટે છે.આપણે બીજા ધર્મોમાં હસ્તક્ષેપ નથી કરતાં, તો બીજા ધર્મ પણ આપણા ધર્માં દખલ ના કરે.તલાકના નિયમો શરિયત મુજબ જ રહેશે. કોર્ટને ચુકાદો આવશે તેને જોઇશું.

તેમણે એમ પણ કહયું હતું કે કોડ ઓફ કન્ડન્ટનું પાલન નહીં થાય કે પછી શરિયતમાં ઉલ્લેખિત કારણોને બાદ કરતાં અન્ય કારણોસર ટ્રિપલ તલાક આપવામાં આવશે તો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે.

જો કે ભાજપની રાષ્ટ્રીય કારોબારીની ભુવનેશ્વર ખાતે મળેલી બેઠકમાં વડાપ્રધાન મોદીએ મુસ્લીમ મહિલાઓને ન્યાય મળે તે માટે ટ્રિપલ તલાકમા વિચારણાને પ્રાધાન્ય આપવાનો અનુરોધ કર્યો હતો.જો કે સુપ્રીમ કોર્ટની બેન્ચ શું નિરાકરણ આપે છે તે પછી આ બાબતે સરકાર,મુસ્લીમ પર્સનલ લો બોર્ડ અને કોર્ટ ની બાબતો કેવી રીતે યોગ્ય ન્યાય અપાવે છે તે જોવાનું રહેશે.

## બ્રિટને પણ વિઝાના નિયમો કડક બનાવ્યા : ભારતીયો-નોન ઇયુ દેશોના લોકોને અસર થશે

બ્રિટનમાં અમલમાં આવી રહેલા નવા કડક નિયમોને કારણે ભારતીયો અને નોન-ઇયુ દેશોના લોકોને અસર થશે.૬ એપ્રિલથી આ નવા નિયમો અમલી બન્યા છે.નવા નિયમ મુજબ વિઝાધારક પાસેથી દર વર્ષે ૧૦૦૦ પાઉન્ડ ઇમીગ્રેશન સ્કિલ ચાર્જ વસુલવામા આવશે.આ ઉપરાંત બ્રિટનની સરકાર દ્વારા મહત્તમ પગારની મર્યાદા નક્કી કરવામાં આવી છે.અને હેલ્થ સરચાર્જ લાદવામાં આવ્યો છે.૬ એપ્રિલથી આઇસીટી વિઝાધારકના ડિપેન્ડન્ટ અને અન્ય ડિપેન્ડરો દર વર્ષે ૨૦૦ પાઉન્ડ હેલ્થ સરચાર્જ ચુકવવાનો રહેશે.બ્રિટશ સ્ટાફને તાલિમ આપવા સ્કિલ ચાર્જ લદાયો છે. આ હેઠળ જે ફંડ એકઠું થશે તેનો ઉપયોગ બ્રિટિશ નાગરિકોને તાલીમ આપવા કરાશે ને દર વર્ષે નોકરીમાં લેવાતા દરેક નોન ઇયુ કર્મચારીઓ પાસેથી વસુલવામાં આવશે.

સરકારના આ પગલાંને કારણે ટાયર-૨ હેઠળની વિઝા અરજી માટેનો માલિકો પરનો ખર્ચ વધી જશે.આ હિલચાલનો હેતુ નોન-ઇયુ કર્મચારીઓ પરનું બ્રિટનનું અવલંબન ઘટાડવાનો છે. બેકઝિટ પછી ઇયુના નાગરિકો કે જેઓ યુકેમાં કામ કરવા માંગતા હોય તેમને આ વિઝા અંકુશો લાગુ પડશે.ભારત જયારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટમાં ચાવીરુપ દેશ છે ત્યારે ભારતીય પ્રતિનિધિઓ દ્વારા પ્રોફેશનલ્સની વિઝા મોબીલીટીનો મુદ્દો મંત્રણામાં ઉઠાવવામાં આવી રહ્યો છે.આઇસીટી હેઠળ ગ્રેજ્યુએટ ટ્રેઇની સિવાયના તમામ આઇસીટી વ્યવસાયીઓ માટે પગારની તમામ મહત્તમ મર્યાદા ૪૧,૫૦૦ પાઉન્ડની નક્કી કરાઇ છે.

વિદેશોમાં કામ કરતાં અને વસતા ભારતીયો માટે હવે વિઝાના કડક નિયમનો કારણે સમસ્યાઓનો સામનો કરવાનો સમય આવી ગયો છે.

## અમેરિકાએ બનાવેલા વિઝાના કડક નિયમોને કારણે ઇન્ફોસીસ સ્થાનિકોની ભરતી કરશે

અમેરિકામાં આવી રહેલ એચ૧બી વિઝાની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે ઇન્ફોસિસે નક્કી કર્યુ છે કે તેઓ અમેરિકામાં વધુ ને વધુ સ્થાનિક લોકોની ભરતી કરશે.એટલું જ નહી તેમને ટ્રેનિંગ પણ આપશે.તેનાથી કંપનીને વિઝા સબંધી સમસ્યાનું નિવારણ સરળ બનશે.

ઇન્ફોસિસનું કહેવુ છે કે અમેરિકામાં વિઝાને લઇને ચાલી રહેલ ચર્ચા પર છેલ્લા બે વર્ષોથી નજર રાખી રહી છે. કંપનીના અધિકારીઓએ જણાવ્યુ હતું કે અને સ્થાનિક ભરતી પર ફોક્સ કરી રહ્યા છીએ. તેમણે કહ્યુ કે વર્તમાન પરિસ્થિતિમાં કંપનીને અમેરિકામાં કામ કરવામાં કોઇ સમસ્યા નથી.ભવિષ્યમાં તે પોતાનું ફોક્સ વધારી રહી છે.તે માટે અમેરિકામાં એક ડેવલપમેન્ટ સેન્ટર અને એક ટ્રેનિગં સેન્ટર પણ શરુ કરી રહી છે.ઇન્ફોસિસની ૬૦ ટકા આવક નોર્થ અમેરિકામાંથી આવે છે.

ભલે અમેરિકામાંથી કામ કરનારાઓ શોધી લેવાય પરંતુ તેના માટે ઘણો સમય જોઇશે.માત્ર નિર્ણયોનો રાતોરાત અમલ થઇ જતો નથી.

### જાણવા જેવું !

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૯૯૮૦૭૨૮૮૧



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

ભવ્ય ભુતકાળ,
વૈભવશાળી વર્તમાન,
ઉજ્જવળ ભવિષ્ય
આ છે ગૌરવવંતુ ગુજરાત

## ૫૭મો ગુજરાત ગૌરવ દિવસ
## રાષ્ટ્રની પ્રગતિનું પથદર્શક ગુજરાત
## વિકાસકુચમાં અગ્રેસર ગુજરાત

ગુજરાત રાજ્યનો ૫૭મો સ્થાપના દિવસ
રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણીનો અવસર
અમદાવાદના આંગણે

અહીં છે વિકાસ અપરંપાર ને સપના થાય સાકાર,
અહીં ભવ્ય છે ભુતકાળ ને ભવિષ્ય સમૃધ્ધ
સદાકાળ
જય જય ગરવી ગુજરાત

ગુજરાતની વિકાસયાત્રામાં દરેક ગુજરાતી બન્યો સહભાગી

શ્રી નીતિનભાઇ પટેલ,
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# મધ્ય પ્રદેશમાં સમુહલગ્નોમાં નવવધુઓને ભેટમાં ધોકા આપીને ભાજપા મંત્રીએ નવો સામાજીક ચીલો ચાતર્યો

આફતોને અવસરમાં બદલવી અને અવસરોમાં નીત નવા નુસખા કરી લોકોમાં નવા ચીલા ચાતરવા એ ભાજપાની કુનેહ છે તેમાં લગીરેય શંકા નથી.હાલમાં મધ્ય પ્રદેશમાં યોજાયેલા સમુહ લગ્નોમાં રાજ્યના મંત્રીશ્રીએ આવો જ એક નવો ચીલો ચાતર્યો જે સર્વત્ર ચર્ચાનો વિષય છે.તેમણે નવોઢાઓને લાકડાના ધોકા ભેટ સ્વરુપે અર્પણ કર્યા હતા.સામાન્ય રીતે લાકડાના ધોકાનો ઉપયોગ કપડાં ધોવા માટે થતો હોય છે જો કે હવે નવા સમયમાં વોશીંગ મશીનો આવી ગયા છે તેથી ધોકાઓનો ઉપયોગ ઓછો બન્યો છે.ધોકા નવોઢાઓને આપતાં મંત્રીજીએ શીખ-સલાહ આપી હતી કે તમારો પતિ નશો કરીને આવે તો આ ધોકાનો ઉપયોગ કરજો..દરેક ધોકા ઉપર લખેલું હતું ક શરાબીઓને સુધારવા માટે ભેટ. પોલીસ પણ કશું નહીં કહે.ઉલ્લેખનીય છે કે અખાત્રીજના દિવસે સાગર જિલ્લાના ગરહાકોટા ખાતે સમુહ લગ્ન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં રાજ્યના પંચાયતી અને ગ્રામ્ય વિકાસ મંત્રી ગોપાલ ભાર્ગવ હાજર રહ્યા હતા.તેમણે આ લગ્ન સમારંભમાં ૭૦૦ નવોઢાઓને ધોકા ભેટમાં આપ્યા હતા.અને જરુર પડ્યે તેનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી.તેમણે કહ્યુ હતું કે હું જ્યારે પણ મારા વિસ્તારની અને ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લેતો હોઉ છું ત્યારે મહિલાઓ માત્ર નશાખોરી અને પતિની દારુપીવાની ફરિયાદ કરતી હોય છે.ઘણાં કિસ્સામાં શારીરીક અને માનસિક અત્યાચાર થતો હોવાનું પણ સામે આવતું હતું.આવા સંજોગો માટે આ શ્રેષ્ઠ ભેટ સાબિત થાય તેમ છે.

# સુપ્રીમ કોર્ટે કોલકત્તા હાઇકોર્ટના જજ કરની મેડીકલ તપાસના આદેશ આપ્યા

સુપ્રીમ કોર્ટે અવમાનના કેસનો સામનો કરી રહેલા કોલકત્તા હાઈકોર્ટના જસ્ટીસ સી.એસ.કરનની તબીબી ચકાસણીનો આદેશ આપ્યો છે. કોલકત્તામાં એક સરકારી હોસ્પીટલ દ્વારા રચવામાં આવનાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ચોથીએ આ ચકાસણી કરવાની રહેશે.એકદમ લડી લેવાના મુડમાં રહેલા જસ્ટીસ કરનને તેમની તબીબી ચકાસણીનો આદેશ આપનાર જસ્ટીસ જે.એસ. ખેહર અને અન્ય જજોની માનસિક ચકાસણીનો આદેશ આપી દીધો છે.આ સાથે જ જ્યુડીશયરીમાં એક નવા પ્રકારની લડાઈ શરુ થઇ ચુકી ચે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ જે.એસ.ખેહરના વડપણ હેઠળની સાત જજોની બનેલી બેન્ચે પશ્ચિમ બંગાળના ડીજીપીને આદેશ કર્યો છે કે તે જસ્ટીસ કરનની તબીબી ચકાસણી હાથ ધરવામાં મેડીકલ બોર્ડની સહાય કરવા માટે પોલીસ અધિકારીઓની એક ટીમ બનાવે.જસ્ટીસ કરન પાસેથી વહીવટી અને જ્યુડીશીયલ સત્તાઓ આંચકી લેવાના પોતાના અગાઉના આદેશનો ઉલ્લેખ કરતાં બેન્ચે દેશભરની કોર્ટો,ટ્રિબ્યુનલો અને કમિશનોને સુચના આપી છેકે તે કરનને આઠ ફેબ્રુઆરીએ બહાર પાડેલા આદેશોને ધ્યાનમાં ન લે અને તેની પર કોઇ કામગીરી ના કરે.

બેન્ચે જજને અવમાનની નોટિસનો જવાબ આપવા તેમનો પ્રતિસાદ ફાઇલ કરવાનું પણ કહ્યુ છે અને સ્પષ્ટતા કરી છે કે જો આઠ મે સુધીમાં તેનો કોઇ પ્રતિસાદ નહી આવે તો એવું માની લેવાશે કે તેમને કંઇ જ કહેવાનું નથી.બેન્ચે આઠમી મે કે તે પહેલાં મેડિકલ રીપોર્ટ આપી દેવાનો આદેશ કર્યો છે અને એ પછીના દિવસે જસ્ટીસ કરનનની પર અવમાનનાની પીટીશન પર સુનાવણી કરશે.જસ્ટીસ કરનને પોતાના ન્યુ ટાઉન ખાતેના ઘરે એક કોર્ટ ઉભી કરીને પ્રતિસાદ આપ્યો હતો. તેમણે તમામ પ્રેસ મીડીયાને સંબોધીને હાથથી લખેલો બે પાનાનો સુઓમોટો ઓર્ડર જારી કર્યો હતો.સુપ્રીમ કોર્ટ અને કોલકત્તા હાઈકોર્ટના જજ વચ્ચેની લડાઈમાં શું પરિણામ આવે છે તે હવે નક્કી કરાશે.

# રાજીવ ગાંધી હત્યા કેસની આગળ તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટે સીબીઆઇને નિર્દેશ આપ્યો

પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી હત્યાકાંડ મામલે સુપ્રીમ કોર્ટે સીબીઆઈને કહ્યુ છે કે જૈન કમિશનના નિર્દેશ મુજબ રાજીવ ગાંધી હત્યાકાંડની તપાસ આગળ ચાલવી જોઇએ. કોર્ટે સીબીઆઇ પાસેથી કેસની આગળ તપાસ કરવા સંદર્ભે ચાર અઠવાડીયામાં સીલબંધ કવરમાં રીપોર્ટ માંગ્યો છે.કોર્ટે કહ્યુ કે સીબીઆઇ જણાવે કે આ કેસની આગળ તપાસ કેટલા દિવસમાં પુરી થઇ શકશે. તે સાથે સીબીઆઇ એ પણ જણાવે કે કેસમાં ફરાર આરોપીઓના પ્રત્યાપણ સહિત કઇ કઇ કાનુની અડચણો આવી રહી છે.સીબીઆઇએ આ અડચણો માટે ક્યાં પગલાં લીધા છે.કોર્ટે આ કેસની આગામી સુનાવણી ૧૬ ઓગષ્ટે કરશે. સીબીઆઇ તરફથી જણાવ્યું છે કે આ કેસની તપાસ ચાલી રહી છે.પણ કેટલો સમય લાગશે એ કહી શકાશે નહી.

## જાણવા જેવું !

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદ તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

# રિયલ એસ્ટેટ એક્ટ અમલી : ૧૩ રાજ્યોએ જ નિયમો જાહેર કર્યા : હાઉસીંગ ક્ષેત્રે ગ્રાહકોને ફાયદો થશે

રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ નો આખા દેશમાં ૧લી મે થી પ્રારંભ થયો.ઘર ખરીદનારા ગ્રાહકોના અધિકારો અને હિતોની જાળવણી માટે તેમજ રિયલ એસ્ટેટ ક્ષેત્રે પારદર્શકતા લાવવા માટે સરકાર નવો કાયદો અમલી બનાવી રહી છે. પણ રાજ્યો દ્વારા તેના અમલ માટે ઉદાસીન વલણ અપનાવ્યુ છે.ફક્ત ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ જ તેના નિયમો જાહેર કર્યા છે.આ કાયદો અમલમાં આવતાં લોકોનો ઘર ખરીદવાનો અનુભવ જ બદલાઇ જશે અને એક નવા યુગનો આરંભ થશે અને એક નવા યુગનો આરંભ થશે તેમ કેન્દ્ર સરકારે જણાવ્યુ હતુ.

રિયલ એસ્ટેટ ડેવલપર્સ કમ્પ્લિશન સર્ટીફિકેટ મેળવ્યા પછી જ તેના પ્રોજેક્ટની જાહેરાત આપી શકશે.ગ્રાહકોને રક્ષણ આપતો રિયલ એસ્ટેટ કાયદો અમલમાં આવ્યા પછી મકાનો અને બાંધકામના ખર્ચમાં ૧૦ ટકાનો વધારો થશે.કાયદાને લીધે તમામ ડેવલપર્સની ફાઈનાન્સ કોસ્ટ અને વહીવટી ખર્ચમાં વધારો થશે.સરવાળે ખર્ચમાં થતો આ વધારો તેઓ ગ્રાહકો પાસેથી જ વસુલ કરશે. કાયદાના અમલને કારણે બિલ્ડર્સના મુડીખર્ચમાં વધારો થશે.જો કે આને કારણે બાંધકામ કંપનીઓ અને રિયલ એસ્ટેટ કંપનીઓ કે જે રાતોરાત ઉઠી જતી હતી તેમાં ઘટાડો થશે. બિલ્ડર્સ દ્વારા જે પ્રોજેક્ટ હાથ પર છે. તેને કાયદાના અમલમાં રાહત આપવા માંગણી કરાઇ છે.કેન્દ્રીય હાઉસીંગ અને શહેરી ગરીબી નાબુદ પ્રધાન વૈકેયા નાયડુ કહ્યુ હતું કે ૯ વર્ષ રાહ જોયા બાદ કાયદો અમલમાં આવી રહ્યો છે.આને કારણે ઘર ખરીદનારા ગ્રાહકો કિંગ બની જશે. આકાયદાથી ડેવલપર્સને પણ ફાયદો થશે.

કાયદાની મહત્વની જોગવાઇઓ નીચે પ્રમાણે છે.

૧.તમામ રિયલ એસ્ટેટ ડેવલપર્સે તેના પ્રોજેક્ટ અને રિયલ એસ્ટેટ એજેન્ટનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૨.ગ્રાહકો પાસેથી મેળવેલી ૭૦ ટકા રકમ અલગ બેન્ક ખાતામાં જ જમા કરવાની રહેશે.

૩.બેન્કમાંથી ફક્ત બાંધકામ કામકાજ માટેજ પૈસા ઉપાડી શકશે. આને કારણે પ્રોજેક્ટ સમયસર પુરો કરી શકાશે.

૪.પ્રોજેક્ટમાં વિલંબ માટે ડેવલપર્સને દંડ કે સજા કરાશે

૫.દરેક ડેવલપર્સે સત્તામંડળની વેબસાઈટ પર તેના પ્રોજેક્ટની વિગતો મુકવાની રહેશે.

૬.બાંધકામ અંગેની માહીતી અને પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની વિગતો દર ૩ મહિને અપડેટ કરવાની રહેશે.

૭.પ્રોજેક્ટ વિલંબમાં મુકાય તો બેન્કલોનનું વ્યાજ ડેવલપર્સે ચુકવવાનું રહેશે.

૮.ગ્રાહકને પઝેશન આપ્યા પછીના પાંચ વર્ષમાં જો કોઇ ખામી જણાય તો ડેવલપર્સે તે ૩૦ દિવસમાં કોઇ ચાર્જ લીધા વિના દુર કરી આપવી પડશે.

૯.જો ડેવલપર્સ તેમ ન કરે તો ગ્રાહક વળતર મેળવવાને હકદાર રહેશે.

૧૦.એપેલેટ ટ્રિબ્યુનલ કે સત્તામંડળના આદેશનો અમલ નહીં કરનાર ડેવલપર્સને ૩ વર્ષની અને એજન્ટ તેમજ ખરીદનારને ૧ વર્ષની સજા કરાશે.

આમ સરકારે જાહેર કરેલા રિયલ એસ્ટેટના લગતા કાયદામાં ગ્રાહકને ફાયદો થવાની શક્યતાઓ વધી છે.તેમજ ડેવલપર્સની ગ્રાહકો માટેની દાદાગીરી પર અંકુશ આવશે તેવી શક્યતાઓ વધી ગઇ છે.જો કે રિયલ એસ્ટેટમાં હજુ પણ તેજી છે જેથી ઉંચા ભાવે મકાનો ગ્રાહકોને પોષણ ક્ષમ્ય નથી.


વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૮૭૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સંબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.